Sandesh : 16 . 04 . 12

# માઈક્રો ઈરિગેશનના પગલે રાજ્યમાં એક પણ તાલુકો ડાર્ક ઝોનમાં નહિ આવે

■ નેટાફિમ ઈરિગેશનના નવા પ્લાન્ટનું મોદીના હસ્તે ઉદઘાટન

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા,તા.૧૫

રાજ્યમાં જળ સિંચન અભિયાનના પગલે છેલ્લા ૧૦ વર્ષમાં જ ભૂગર્ભ જળની સપાટી ૩ મીટર થી ૧૩ મીટર સુધી ઉપર આવી હોવાથી ડાર્ક ઝોન હેઠળના ૪૦ તાલુકાઓમાં સિંચાઈ માટે વીજ કનેકશનોનો આપવાનો પ્રતિબંધ હતો તે ઉઠાવી લેવાયો છે. હવે આ અભિયાનને ટપક સિંચાઈ અને માઈક્રો ઈરિગેશન દ્વારા વધુ ઝડપી બનાવીને ૧૦ લાખ હેકટર જમીનને આવરી લેવાનું આયોજન હોવાથી એક પણ તાલુકો ડાર્ક ઝોનમાં આવશે નહિ, તેમ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું.

આજે ઇઝરાયેલની જળસિંચન ક્ષેત્રની કંપની નેટાફિમ ઈરિગેશનના નવા પ્લાન્ટનું સાવલી તા.ના મંજુસર જીઆઈડીસીમાં ઉદ્દઘાટન કરતાં મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતુંકે,ચાલુ વર્ષે બજેટમાં રૂ.૪૦૦ કરોડની જોગવાઈ આધુનિક સિંચાઈ સુવિધા માટે કરાઈ હોવાથી વધુ ૨.૨૫ લાખ હેકટર જમીનને ટપક અને માઈક્રો સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવશે.'પર ડ્રોપ મોર ક્રોપ'નું સૂત્ર પણ આપણે અપનાવ્યું છે.રાજ્યમાં ૭ લાખ હેકટરમાં આ કામ પૂર્ણ થઇ ગયું છે.આવનારા દિવસોમાં ૧૦ લાખ હેકટર જમીનમાં આ પધ્ધતિનો ઉપયોગ થવાથી મહામૂલા પાણીનો બચાવ થશે.કૃષિમાં આધુનિક પધ્ધતિનો ઉપયોગ કરીને બનાસકાંઠાના ખેડૂતે એક હેકટરમાં ૮૭ ટન બટાકાનો પાક મેળવીને વિશ્વ વિક્રમ સ્થાપ્યો છે. મેં સત્તા સંભાળ્યા બાદ ખેડૂતોની મુખ્ય સમસ્યા વીજળી નહિ પણ પાણી છે તે દર્શાવ્યું.ખેડૂતોને પણ પાણી બચાવવા માટેના અભિયાનમાં જોડ્યા હતા.૬ લાખ જેટલા પાણી બચાવવાના બોરીબંધ,ખેતતલાવડી,આડબંધ વગેરે સ્ટ્રકચરો રાજ્યમાં ઉભા કરતાં ભૂગર્ભ પાણીની સપાટી ઉંચી આવી હતી.

પ્રારંભમાં નેટાફિમ ઈન્ડિયાના મેનેજીંગ ડિરેકટર રણધિર ચૌહાણે નેટાફિમ ઔદ્યોગિક એકમ કૃષિ ટેકનોલોજીના વિનિયોગ થકી ગુજરાત કૃષિ ક્ષેત્રમાં ટપક સિંચાઈ પધ્ધતિનો વધુ પ્રભાવી ઉપયોગ માટે પ્રયત્નશીલ છે તેમ જણાવી કંપનીની પ્રવૃત્તિઓની જાણકારી પૂરી પાડી હતી. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં નેટાફિમ લી.ના પ્રમુખ અને સીઈઓ ઇગાલ આઇઝનબર્ગે કંપનીના ધ્યેયોની માહિતી આપી કૃષિ અર્થતંત્રને સમૃદ્ધ બનાવવા કૃષિ જગતની સેવા આપવા તત્પરતા દર્શાવી હતી. આ સમારંભમાં નેટાફિમ લિ.ના બોર્ડ ચેરમેન રુડોલ્ફ વેબર, બોર્ડ ઓફ નેટાફિમના સભ્યો ટોસ્ટર્ને વો, રેફેલ સિમેરમન, રામી લેવી, સુશ્રી નામા ઝેલ્ડીસ,પ્રેસિડેન્ટ અને સીઈઓ ઇગાલ આઇજનબર્ગ, ઇઝરાયેલના નાયબ રાજદૂત યાહેલ વિલાન, રાજ્યના ઉદ્યોગ વિભાગના અગ્રસચિવ એમ.સાહુ તથા જી.એસ.એફ.સી.ના એમ.ડી. અતનુ ચક્રવર્તી, જિલ્લા કલેકટર વિનોદ રાવ સહિત ગુજરાતના જુદા જુદા જિલ્લાના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન

વડોદરા, તા.૧૫

પ્રગતિશીલ ખેડૂતો પૈકી કપાસનું સૌથી વધુ ઉત્પાદન મેળવનાર જૂનાગઢ જિ.ના ભેંસાણના પ્રવિણ ગજેરા, બટાટાનું સૌથી વધુ ઉત્પાદન માટે પ્રાંતિજ તા.ના સોનારણ ગામના ગિરીશ પટેલ, ઓડ ગામના ચંદ્રકાન્ત પટેલને કેળાના સૌથી વધુ ઉત્પાદન માટે વાલિયા તા.ના વનરાજસિંહ બદોલાને શેરડી પાકનું સૌથી વધુ ઉત્પાદન મેળવવા બદલ ચંદ્રાલાના વિજય પટેલને ગુલાબનું મબલખ ઉત્પાદન તથા વડોદરા જિ.ના કાસમપુરાના ગોપાલ પટેલને હાઈટ્રેક ફાર્મિંગ, દોલપુરકંપાના જિતેશ પટેલ અને વડોદરા જિ.ના મોટી ટોકરીના કરસન રાઠવાને સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિઓના સફળ પ્રયોગ માટે નેટાફિમ કૃષિ રત્ન એવોર્ડ અપાયો હતો.

**નેટાફિમે નવા પ્લાન્ટમાં રૂ.૬૦ કરોડનું વધુ રોકાણ કર્યુ છે**

નેટાફિમ કંપનીએ સાવલીના નવ નિર્મિત પ્લાન્ટમાં રૂ. ૬૦ કરોડનું વધુ રોકાણ કર્યુ છે.જેના પગલે નેટાફિમનું કુલ રોકાણ રૂ.૨૫૦ કરોડ પર પહોંચ્યુ છે તેમ કંપનીના એમડી રણધિર ચૌહાણે જણાવ્યું હતું.